# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 22-10-2024 Morning : 7.45 to 7.55
Day : Tuesday National News

## આકાશવાણી સમાચાર **નીકિતા શાહ** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી બે દિવસના રશિયા પ્રવાસે, બ્રિક્સ શિખર સંમેલનમાં ભાગ લેશે

2) કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આણંદમાં NDDBની સ્થાપના સમારોહ સહિત વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે

3) દિલ્હીમાં આયોજીત રાષ્ટ્રીય જળ પુરસ્કાર સમારોહમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ આજે ગુજરાતને સર્વશ્રેષ્ઠ રાજ્યની શ્રેણીમાં પુસ્કાર એનાયત કરશે

4) આંધ્રપ્રદેશના અમરાવતીમાં આજથી બે દિવસીય ડ્રોન સંમેલનનો પ્રારંભ

5) અને ભારતીય મહિલા ક્રિકેટ સુકાની હરમનપ્રીત કૌરની ICC મહિલા ટી20 વિશ્વકપ 2024ની સર્વશ્રેષ્ઠ ટીમમાં પસંદગી

************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM RUSSIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રશિયાના બે દિવસના પ્રવાસે રવાના થયા. જ્યાં તેઓ આજથી કઝાનમાં આયોજીત 16માં બ્રિક્સ સંમેલનમાં ભાગ લેશે. બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા આ સંમેલનના સભ્ય દેશો છે. ન્યાયૂપર્ણ વૈશ્વિક વિકાસ અનેસુરક્ષા માટે બહુપક્ષવાદને મજબૂત કરવો એ આ સંમેલનનું વિષયવસ્તુ છે. શ્રી મોદી રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુતિન સાથે પણ મુલાકાત કરશે.

કઝાનમાં આકાશવાણી સંવાદદાતા સાથેની વાતચીતમાં ભારતીય રાજદૂત વિનય કુમારે જણાવ્યું કે શિખલ સંમેલન નેતાઓને મુખ્ય વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે એક મહત્વનું મંચ પ્રદાન કરશે. સંમેલનમાં બ્રિક્સ દ્વારા શરૂ કરાયેલા પ્રયાસોની પ્રગતિની સમીક્ષા કરાશે.

# AMIT SHAH IN GUJARAT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે આણંદ અને ગાંધીનગરમાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે. સવારે તેઓ રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ-NDDBની સ્થાપનાનાં 60 વર્ષની ઉજવણી અને ત્રિભુવનદાસ પટેલની જન્મજયંતી નિમિત્તે આણંદનાં એનડીડીબી ઓડિટોરિયમ ખાતે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. તેઓ એનડીડીબીના ત્રણ નવા પ્રોજેક્ટનો પણ શુભારંભ કરાવશે.

ત્યારબાદ તેઓ ભારતીય જનતા પાર્ટીનાં ગાંધીનગરનાં નવીન કાર્યાલયનું ખાતમૂહુર્ત કરશે. સાંજે તેઓ મહાત્મા મંદિર ખાતે 14મા અખિલ ભારતીય હોમગાર્ડ અને નાગરિક સુરક્ષા સંમેલનમાં હાજરી આપશે.  ત્યારબાદ કડી સર્વ વિદ્યાલય કેમ્પસ ખાતે નમો લક્ષ્મી યોજના અને નમો સરસ્વતી યોજનાઓ અંતર્ગત શિષ્યત્તિ વિતરણ કરશે..

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે ગાંધીનગરમાં નાગરિક સંરક્ષણ અને હોમગાર્ડના વડાઓની 14મી રાષ્ટ્રીય પરિષદનું ઉદઘાટન કરશે. મહાત્મા મંદિર ખાતે આયોજિત આ પરિષદમાં વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના નાગરિક સંરક્ષણ અને હોમગાર્ડના 60થી વધુ વરિષ્ઠ અધિકારીઓ તેમજ 1200 થી વધુ માનદ સભ્યો ભાગ લેશે.

# PRESIDENT WATER AWARD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીમાં પાંચમા રાષ્ટ્રીય જળ પુરસ્કાર 2023 એનાયત કરશે. કેન્દ્રીય જળ શક્તિમંત્રીએ નવ શ્રેણીમાં 38 વિજેતાઓની જાહેરાત કરી છે. જેમાં સર્વશ્રેષ્ઠ રાજ્ય, જિલ્લા, ગ્રામ પંચાયત, શહેરી સ્થાનિક એકમો, શ્રેષ્ઠ જળ ઉપયોગકર્તા સંગઠનો, અને નાગરિક સમુદાયોને આ પુરસ્કારથી સન્માનિત કરાશે.

સર્વશ્રેષ્ઠ રાજ્યની શ્રેણીમાં પહેલો પુરસ્કાર ઓડિશાને મળ્યો છે. જ્યારે ઉત્તરપ્રદેશને બીજો અને ગુજરાત તેમજ પુડુચેરીને સંયુક્ત રીતે ત્રીજો પુરસ્કાર મળ્યો છે. દરેક વિજેતાઓને એક પ્રશસ્તિપત્ર અને વિજયચિહ્નની સાથે અનેક શ્રેણીઓમાં રોકડ પુરસ્કારથી પણ સન્માનિત કરાશે.

જળશક્તિ મંત્રાલયે જણાવ્યું કે, રાષ્ટ્રીય જળ પુરસ્કાર જળ સમૃદ્ધ ભારતના, સરકારના લક્ષ્યાંકને હાંસલ કરવા માટે દેશભરમાં લોકો અને સંગઠનો દ્વારા કરાયેલા નોંધપાત્ર પ્રયાસના યોગદાન માટે અપાય છે.

# JHARKHAND NOTIFICATION

ઝારખંડમાં થનારી વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે આજે જાહેરનામું પ્રસિદ્ધ થશે.આ તબક્કામાં 38 બેઠકો પર 20 નવેમ્બરે મતદાન થશે. ઉમેદવારી નોંધાવવાનો છેલ્લો દિવસ 29 ઑક્ટોબર છે. ઉમેદવાર સવારે 11 વાગ્યાથી બપોરે ત્રણ વાગ્યા સુધી ઉમેદવારી પત્રો ભરી શકશે. 1 નવેમ્બર સુધી ઉમેદવારી પત્રો પાછા ખેંચી શકાશે.

પ્રથમ તબક્કા માટેમતદાન 13 નવેમ્બરે થશે. જ્યારે કે મત ગણતરી 23 નવેમ્બરના રોજ થશે. દરમિયાન પહેલા તબક્કાની ચૂંટણી માટે અત્યાર સુધીમાં 25 ઉમેદવારોએ નામ નોંધાવ્યા છે. રાજ્યમાં ચૂંટણી જાહેરનામું પ્રસિદ્ધ થયા બાદ અત્યાર સુધીની તપાસમાં રાજ્યના વિવિધ સ્થળોએ સાત કરોડ, 72 લાખથી વધુ ગેરકાયદેસરની સામગ્રી તેમજ રોકડ રકમ મળી આવી હતી, જ્યારે આચાર સંહિતના ભંગ બદલ 6 પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

# NCP LIST

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ – NCPએ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે 27 સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે. આ યાદીમાં ઉપમુખ્યમંત્રી અજીત પવાર, પાર્ટીના કાર્યકારી અધ્યક્ષ પ્રફૂલ પટેલ, વરિષ્ઠ નેતા છગન ભુજબળ અને રાજ્યના મંત્રી દિલિપ વાલ્સે પાટિલ, ધનંજય મુંડે, હસન મુશ્રીફ અને અદિતી તટકરે સહિતના નામો સામેલ છે.

આ ઉપરાંત પક્ષે વિધાનસભાના ઉપાધ્યક્ષ નરહરિ ઝિરવાલ, સાંસદ નિતિન પટેલ, સયાજી શિંદે અને મહિલા પાંખના રાજ્ય પ્રભારી રૂપાલી ચાકનકર સહિત અન્ય લોકોને એનસીપી માટે સ્ટાર પ્રચારની ભૂમિકા સોંપી છે.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

# JHARKHAND EC

ચૂંટણી પંચે ઝારખંડ મુક્તિ મોર્ચાના નેતા સુપ્રિયો ભટ્ટાચાર્યના એ આરાપોને ફગાવી દીધા છે, જેમાં તેમણે કહ્યું હતું કે ઝારખંડના ગ્રામીણ વિસ્તારોમા મતદાનનો સમય ઘટાડી દેવાયો છે.

મુખ્ય ચૂંટણી અધિકારી કે. રવિ કુમારે જણાવ્યું કે માત્ર 981 બૂથ પર મતદાનનો સમય સવારે 7 વાગ્યાથી સાંજે 4 વાગ્યા સુધીનો છે. આ બૂથ નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં છે. અન્ય બૂથ પર સાંજે પાંચ વાગ્યા સુધી મતદાન થશે વધુમાં તેમણે ઉમેર્યું કે ઝારખંડમાં કુલ 29 હજાર, 562 મતદાન કેન્દ્રો ઉભા કરાયા છે, જેમાંથી 24 હજાર, 520 મતદાન કેન્દ્ર ગ્રામીણ વિસ્તારોમાં છે, જ્યારે 5 હજાર 42 જેટલા શહેરી વિસ્તારોમાં છે.

# AMARAVATI DRONE SUMMIT

આંધ્ર પ્રદેશના અમરાવતીમાં આજથી બે દિવસીય ડ્રોન સંમેલન - 2024નો પ્રારંભ થઈ રહ્યો છે. મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુ અને કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુ ઉદ્ઘાટન સમારોહમાં ભાગ લેશે. આંધ્ર પ્રદેશ ડ્રોન કૉર્પોરેશન દ્વારા આયોજિત આ સંમેલનમાં 1000 થી વધુ પ્રતિનિધિઓ અને પ્રદર્શકો ભાગ લેશે.

આ સમિટ નાગરિક ઉડ્ડયન મંત્રાલય, સંરક્ષણ ક્ષેત્ર, ભારતીય ઉદ્યોગ સંઘ, સંશોધન વિદ્વાનો અને ક્ષેત્રના ઉદ્યોગ સાહસિકોના પ્રતિનિધિઓને એક મંચ પર લાવશે. સમિટનો ઉદ્દેશ્ય ડ્રોન ઉત્પાદનમાં રોકાણને આકર્ષવાનો, ડ્રોન ટેક્નોલોજીના ભાવિ અને ઈનોવેશન હબ દ્વારા ડ્રોન ઈકો-સિસ્ટમ બનાવવા માટેની વ્યૂહરચનાઓ પર ચર્ચા કરવા માટે એક મંચ તૈયાર કરવાનો છે. સમિટમાં વિજયવાડામાં કૃષ્ણા નદીના કિનારે 5000 થી વધુ ડ્રોન સાથે દેશનો સૌથી મોટો ડ્રોન શૉ યોજાશે.

# FM CGM

નાણામંત્રી નિર્મલા સીતારમણે વધુ પાંચ રાષ્ટ્રીયકૃત બેંકોમાં બોર્ડ સ્તરથી નીચેના ચીફ જનરલ મેનેજર પોસ્ટ (CGM) બનાવવાની મંજૂરી આપી છે.

નાણા મંત્રાલયે કહ્યું કે, આ બેંકોમાં બેંક ઑફ મહારાષ્ટ્ર, સેન્ટ્રલ બેંક ઑફ ઈન્ડિયા, ઈન્ડિયન ઓવરસીઝ બેંક, પંજાબ એન્ડ સિંધ બેંક અને યુકો બેંકનો સમાવેશ થાય છે.

નાણામંત્રીએ એવી બેંકોમાં CGMની હાલની સંખ્યામાં વધારો કરવાની પણ મંજૂરી આપી છે, જ્યાં પહેલાથી જ પોસ્ટ છે. આ સુધારા સાથે, તમામ 11 રાષ્ટ્રીયકૃત બેંકોમાં CGM પોસ્ટની સંખ્યા 80 થી વધારીને 144 કરવામાં આવી છે.

# ICC WOMEN CRICKET

ભારતીય મહિલા ક્રિકેટ ટીમના કેપ્ટન હરમનપ્રીત કૌરને આઈસીસી મહિલા ટ્વેન્ટી ટ્વેન્ટી વિશ્વકપ 2024ની સ્પર્ધાની સર્વશ્રેષ્ઠ ટીમમાં સામેલ કરાયા છે. ICC દ્વારા જાહેર 12 સભ્યોની ટીમના તેઓ એક માત્ર ખેલાડી છે. ICCની ટીમમાં સાત દેશોના મહિલા ખેલાડીઓ સામેલ છે.

હાલમાં જ પૂરા થયેલા મહિલા ટ્વેન્ટી ટ્વેન્ટી ક્રિકેટ વિશ્વકપમાં હરમનપ્રીત કૌરે ભારતીય ટીમ માટે શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેમણે ચાર મેચમાં 150 પર બનાવ્યા હતા. તો બીજી તરફ દક્ષિણ આફ્રિકાના સુકાની લારા વોલ્વાર્ડટને આ સર્વશ્રેષ્ઠ ટીમના સુકાની પસંદ કરવામાં આવ્યા છે.

# IMD-RAINFALL

હવામાન વિભાગે આગામી બે દિવસ દરમિયાન દેશના પૂર્વીય અને દક્ષિણ તટિય વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી છે. ઓડિશા, કેરળ, માહે, દક્ષિણ તટિય કર્ણાટકમાં ભારે વરસાદની શક્યતા છે. આજે અને આવતીકાલે તામિલનાડુ, પુડુચેરી અને કોડાઈ કેનાલમાં સમાન્ય વરસાદ વરસી શકે છે.

હવામાન વિભાગે આજે મધ્ય પૂર્વબંગાળની ખાડી અને નજીકના ઉત્તર આંદમાન સમુદ્રમાં ચક્રવાતી તોફાનની પણ આગાહી કરીછે. હવામાન વિભાગે કહ્યું છે કે આ ચક્રવાત તોફાન પશ્ચિમ ઉત્તર પશ્ચિમ તરફળ આગળ વધશે અને આજે ડિપ્રેશનમાં તેમજ આવતીકાલે ચક્રવાતી તોફાનમાં પરિણમે તેવી શક્યતા છે.

## હવે આજના અખબારોના મુખ્ય સમાચારો રજૂ કરે છે  સુનિતા ચૌહાણ

1) ભારત-ચીન વચ્ચે સરહદ પર પેટ્રોલિંગ મુદ્દે સંમતિ સધાઈ-આ સમાચારને મોટાભાગના અખબારોએ હેડલાઇન બનાવી છે.

2) ભારતના નાગરિકો અને સંપત્તિ બંને દેશની બહાર જઈ રહ્યા છે એવી ટિપ્પણી સાથે ગુજરાત સમાચાર હેડલાઇનમાં લખે છે- ભારતનાં ધનિકોએ 2023માં દેશની બહાર 20 લાખ કરોડનું રોકાણ કર્યું

3) દિવાળીનાં તહેવારો પહેલાં ચાંદીમાં આગ ઝરતી તેજીઃ એક લાખ પર પહોંચી—આ સમાચાર નવગુજરાત સમયમાં પ્રથમ પાને છે

4) દિવ્ય ભાસ્કરનાં પ્રથમ પાને અહેવાલ છે- વિમાનોને અપાતી ધમકીઓ સામે કાયદો લાવવાની તૈયારી

5) અમદાવાદના રિવરફ્રન્ટના ચાર બગીચા અને અટલ બ્રિજની ફીમાં વધારાના સમાચારને તમામ દૈનિકોએ સ્થાનિક પાના પર સ્થાન આપ્યું છે.

6) આ ઉપરાંત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી રશિયાનાં પ્રવાસે, ગઢચિરૌલીમાં પાંચ નક્સલવાદી ઠાર, પશ્ચિમ બંગાળમાં જુનિયર ડોક્ટરોએ હડતાળ પાછી ખેંચી- જેવા સમાચાર પ્રથમ પાને જોવા મળે છે.